# પઠાણકોટના શહીદોને દેશની શ્રદ્ધાંજલિ

**પઠાણકોટ એટેકમાં શહીદ થયેલા આઈએએફના કમાન્ડો ગુરસેવકના અંતિમ સંસ્કાર કરાયા : શહીદ લેફ્ટી કર્નલ નિરંજનના પરિવારને મળવા માટે લોકો ઉમટી પડ્યા વતન ગામમાં સંપૂર્ણ સન્માન સાથે બંને જાંબાઝ ઓફિસરોના અંતિમસંસ્કાર**








ચંદીગઢ,તા. ૪

પઠાણકોટમાં આતંકવાદી હુમલા દરમિયાન જીવ સટોસટનો જંગ ખેલનાર જાંબાઝ લેફ્ટી કર્નલ નિરંજન અને આઈએએફના ગાર્ડ કમાન્ડો ગુરસેવક સિંહને આજે દેશભરમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ બે સાહસી જવાનોના આજે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. સંપૂર્ણ લશ્કરી સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જો કે, તેમના ઘરમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. નેશનલ સિક્યુરિટી ગાર્ડના કમાન્ડો લેફ્ટી કર્નલ નિરંજન વીકેનું બેંગ્લોરમાં બોમાસાન્દ્રામાં તેમના નિવાસસ્થાન પર મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. આજે તેમના અંતિમ સંસ્કાર તેમના વતન ગામ ખાતે કરવામાં આવ્યા હતા. બીજી બાજુ ત્રાસવાદીઓ સામે જંગ ખેલતી વેળા શહીદ થયેલા ગુરુસેવકસિંહના અંતિમ સંસ્કાર પંજાબમાં ગરનાલા ગામમાં સંપૂર્ણ લશ્કરી સન્માન સાથે કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં સેનાના ઓફિસરો અને જવાનો ઉપસ્થિત રહ્યા હતા. બંનેના મૃતદેહોને અગાઉ સંપૂર્ણ સન્માન સાથે લાવવામાં આવ્યા હતા.

લેફ્ટી કર્નલ નિરંજનનો મૃતદેહને રાખવામાં આવ્યા બાદ શ્રદ્ધાંજલિ આપવા માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કર્ણાટકના મુખ્યમંત્રી સીધા રામૈયા પણ તેમના આવાસ પર પહોંચ્યા હતા અને તેમને અંજલિ આપી હતી. નિરંજન કુમારના પરિવારના સભ્યોને પણ તેઓ મળ્યા હતા. બપોરે ત્રણ વાગ્યા સુધી બેંગ્લોરના બેલગ્રાઉન્ડ ખાતે તેમના મૃતદેહને રાખવામાં આવ્યા બાદ સાંજે તેમના વતન લઈ જવાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, લેફટીનન્ટ કર્નલ નિરંજન ગઈકાલે ત્રાસવાદીની લાશને કબજામાં લેવાના પ્રયાસમાં હતા ત્યારે ત્રાસવાદીના મૃતદેહમાં લાગેલા બોંબમાં બ્લાસ્ટ થતાં તેઓ ઘાયલ થયા હતા. ઘાયલ થયા બાદ ગઈકાલે જ તેમનું અવસાન થયું હતું. નિરંજન કેરળના નિવાસી હતા. ગૃહમંત્રી રાજનાથસિંહે તેમની શરીદી પર દુખ વ્યક્ત કર્યું હતું. બીજી બાજુ એરફોર્સ સ્ટેશનમાં બોંબ નિષ્ક્રિય કરતી વેળા એનએસજીના લેફ્ટિનન્ટ કર્નલ નિરંજન શહીદ થઈ ગયા હતા. કેપ્ટન નિરંજનને ખુબ જ જાંબાઝ ઓફિસર તરીકે ગણવામાં આવતા હતા. એનએસજીના બોંબ ડિસ્પોઝલ ટીમના આ જાંબાઝ ઓફિસરના આજે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

## આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં ૩૧ દેશના પતંગબાજો

અમદાવાદ,તા. ૪

ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવ યોજાનાર છે જેમાં ૩૧ દેશોના ૯૮થી વધુ પતંગબાજો ભાગ લેશે જ્યારે જુદા જુદા રાજ્યોના ૫૫ પતંગબાજો તથા ગુજરાતના ૫૦થી વધુ પતંગબાજો જોડાશે. રાજયનો ૨૭મો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ દેશ વિદેશના પતંગબાજોના અવનવા કૌશલ્યોની સાથે સાથે સાંસ્કૃતિક અને પ્રવાસન પ્રવૃત્તિની દષ્ટિએ પણ વૈવિધ્યસભર બની રહેશે રાજયના પ્રવાસન મંત્રી સૌરભભાઈ પટેલે આજે ૨૭માં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ સંદર્ભે પત્રકારોને વિશેષ માહિતી આપતાં આમ જણાવ્યું હતું.મંત્રી સૌરભભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી આનંદીબેન પટેલના કર્મઠ નેતૃત્વમાં ગતિશીલ ગુજરાતે દરેક ક્ષેત્રમાં વિકાસની નૂતન ઊંચાઈ હાંસલ કરી છે. ત્યારે પ્રવાસન પ્રવૃત્તિથી ધમધમતા ગુજરાત રાજયે પણ આ ક્ષેત્રે ઉડીને આંખે વળગે તેવી વિકાસસિદ્ધિ હાંસલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત એક એવું રાજય છે જ્યાં જીવન એક ઉત્સવ છે અને અતિથિ દેવો ભવની આપણી પરંપરાનો ઉજાગર કરીને ગુજરાતે વિશ્વ પ્રવાસીઓને વિવિધ ઉત્સવો અને પ્રવાસન પ્રવૃત્તિના માધ્યમથી આકર્ષ્યા છે અને એટલે જ ગુજરાતમાં આવેલા ગત વર્ષના પ્રવાસીઓની સંખ્યા ૨૮૭.૮૮ લાખની સરખામણીએ ગત વર્ષ ૨૦૧૪-૧૫માં પ્રવાસીઓની સંખ્યા ૩૨૬.૯૧ લાખ સુધી પહોંચી છે એ જ દર્શાવે છે કે ગુજરાત દેશ વિદેશના પ્રવાસીઓનું માનીતું સ્થળ બન્યું છે. તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અથાગ પ્રયાસોને કારણે ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે નવી જ કેડી કંડારી છે. તેમ જણાવી મંત્રીએ ઉમેર્યું હતું કે, રાજયના પ્રવાસન વિભાગના પ્રવૃત્તિલક્ષી વિવિધ કાર્યોને કારણે રાજયની પ્રવાસન પ્રવૃત્તિને વધુને વધુ વેગ મળ્યો છે એટલું જ નહીં પ્રવાસન વિભાગના પ્રવૃત્તિલક્ષી વિવિધ કર્યોને કારણે રાજયની પ્રવાસન પ્રવૃત્તિને વધુને વધુ વેગ મળ્યો છે. એટલું જ નહીં પ્રવાસન સાથે જોડાયેલાં લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે વધુને વધુ રોજગારી મળતી રહી છે.આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ આ વર્ષે વિશેષ આકર્ષણરૂપ બની રહેશે.




મકરસક્રાંતિનું પર્વ અબોલ જીવો તરફ જીવદયા-અનુકંપા દર્શાવવાનું પર્વ છે. આ પર્વ દરમિયાન મૂંગા પ્રાણીઓને ખવડાવી પુણ્યનું ભાથું બાંધવા માટે અનેક શ્રધ્ધાળુ દ્વારા વિવિધ પ્રયત્નો હાથ ધરાય છે. સે-૩-એ ન્યુ ખાતે રાધે મહિલા મંડળની ૨૦થી વધુ શ્રધ્ધાળુ મહિલાઓએ આખો દિવસ મહેનત કરી કૂતરાઓ માટે ૭૦ કિલો લાડુ તૈયાર કર્યા છે. આ ધર્મસેવા કાર્યમાં સેકટરના રહીશોએ ખભેખભા મિલાવી સમગ્ર કાર્ય ઉપાડી લીધું હતું.

## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ તુલા**

**આજના ગ્રહોની કુંડળી**




**શુભ માલાયોગ થાય છે. શુભ ચંદ્ર માંગલ્ય યોગ થાય છે. ગુરુ - સૂર્ય અને મંગળ - શુક્ર પરિવર્તન યોગથી ઉચ્ચના થાય છે.**

**મેષ** પાંચમે ગુરુ, નવમે સૂર્ય, સાતમે ચંદ્ર આપના આત્માને ઉચ્ચત્તવ બક્ષે - કીર્તિ મળે.

**વૃષભ** નવમે બુધ આકસ્મિક ધનલાભ અપાવે. શેરબજારમાં ફાયદો કરાવે.

**મિથુન** રાશિપતિ આઠમે તેમજ સપાત્ર સ્થાનમાં શુક્ર બીજા સારા ગ્રહોની અસરો ઓછી કરે છે. કીર્તિ, ધન પ્રમામમાં ઓછાં પ્રાપ્ત થાય.

**કર્ક** ચોથે ચંદ્ર માંગલ્ય યોગ દસમા સ્થાનને પ્રબળતા અર્પે છે - પ્રગતિ થાય - કીર્તિ પ્રાપ્ત થાય.

**સિંહ** ગુરુ - સૂર્યના નવપંચમ યોગના સુંદર ફળો હવે પ્રાપ્ત થાય.

**કન્યા** કન્યાનો રાહુ - બીજો ચંદ્ર માંગલ્ય યોગ - ત્રીજે શનિ - બહુ સારું ફળ ન આપે.

**તુલા** રાશિમાં ચંદ્ર - મંગળનો યોગ - બારમે રાહુ - બીજે શનિ પીડા આપે. ભક્તિ કરવી - સાચવવું.

**વૃશ્ચિક** બારમે મંગળ - રાશિમાં શનિ તેમજ બીજે સૂર્ય - બધા જ ક્રુર ગ્રહોની ખરાબ અસરો થાય. ભક્તિ કરવી.

**ધન** સૂર્ય - ગુરુના નવપંચમ યોગમાં બારમે શનિ બાધારૂપ નીવડે છે - સારું રૂપ ઓછું મળે.

**મકર** રાશિમાં બુધ - આઠમે ગુરુ. ધાર્મિક બનાવે. બારમે સૂર્ય ખર્ચ કરાવે.

**કુંભ** આઠમે રાહુ - પીડા કરાવે. શંકરની ભક્તિ કરવી. ગુરુની દ્રષ્ટિ હોઈ મોટી પીડામાંથી રાહત અપાવે.

**મીન** રાશિપતિ છઠ્ઠે - સાતમે રાહુ - આઠમે મંગળ નાની મોટી મુશ્કેલીઓ સર્જે. ભક્તિ કરવી.

## ડુમાડ ગામ ખાતે સ્કીલ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટયુટ સ્થાપવામાં આવશે

રાજયમાં ડુમાડ ગામ ખાતે સ્કીલ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટયુટ સ્થાપવામાં આવશે. આ માટે જમીન પસંદ કરવામાં આવી છે. તાજેતરમાં રોજગાર અને તાલીમ નિયામક દ્વારા રાજય સરકાર સમક્ષ એક પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. પ્રેઝન્ટેશનમાં જણાવાયું હતું કે ડુમાડ ગામ ખાતે ૧૦ હેકટર જેટલી જમીનમાં ઈન્સ્ટીટયુટ સ્થાપવા માટે જમીન આઈડેન્ટીફાઈ કરવામાં આવી છે.

### ધરતીકંપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલમાં આસામમાં છે. મોદીએ આસામ અને અરૂણાચલ પ્રદેશના મુખ્યપ્રધાન સાથે તરત જ ફોન પર વાતચીત કરી છે. રાજનાથસિંહે પણ ભૂકંપગ્રસ્ત રાજ્યોના મુખ્યપ્રધાન સાથે વાતચીત કરી ચુકયા છે. વધારે નુકસાન ઈમ્ફાલમાં થયુ છે. અનેક ઈમારતોની દિવાલો ધરાશાયી થઇ હતી. ભૂકંપનુ કેન્દ્ર મણિપુરમાં તામેનગલોંગમાં હોવાનુ જાણવા મળ્યુ છે. ઈમ્ફાલથી ૩૫ કિલોમીટરના અંતરે ભૂકંપનુ કેન્દ્ર હતુ. એનડીઆરએફની ટીમોને તરત જ ગુવાહાટીથી પહોંચી જવાની સુચના આપવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે ૨૬મી ડિસેમ્બરના દિવસે ઉત્તર ભારતના વિવિધ ભાગોમાં ભૂકંપનો પ્રચંડ આંચકો આવ્યાના છ દિવસ બાદ બીજી જાન્યુઆરીના દિવસે પણ દિલ્હી અને એનસીઆર સહિત ઉત્તર ભારતના વિવિધ ભાગોમાં ફરી એકવાર ભૂકંપનો પ્રચંડ આંચકો અનુભવયો હતો.આ ભૂકંપની તીવ્રતા રિકટર સ્કેલ ઉપર ૫.૮ જેટલી આંકવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનમાં જારમ નજીક હિન્દુકુશ પહાડીઓમાં સ્થિત હતું. આ આંચકો બપોરે ૨.૦૭ વાગે અનુભવાયો હતો. અમેરિકામાં ભૂકંપ સંબંધિત વિભાગે તીવ્રતા ૫.૩ જેટલી આંકી હતી. ભૂકંપ જમીનથી ૧૭૦ કિલોમીટર નીચે સ્થિત હતું. બીજી જાન્યુઆરીના દિવસે આવેલા ભૂકંપથી કોઈ નુકસાન થયુ ન હતુ. જમ્મુ કાશ્મીર, પંજાબ અને હરિયાણાના વિવિધ ભાગોમાં પણ આની તીવ્રતા અનુભવાઈ હતી. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પણ આંચકાનો અનુભવ થયો હતો. જમ્મુ કાશ્મીરમાં લોકો ઘરમાંથી બહાર દોડી ગયા હતા. આ અગાઉ ૨૬મી ડિસેમ્બરના દિવસે ક્રિસમસના પર્વની ભવ્ય ઉજવણી કરીને લોકો સામાન્યરીતે ઉંઘી ગયા બાદ વહેલી પરોઢે દિલ્હી અને એનસીઆર સહિતના ઉત્તર ભારતના કેટલાક ભાગો પ્રચંડ ધરતીકંપના કારણે હચમચી ઉઠ્યા હતા. તે વખતે ભૂંકપની તીવ્રતા રિકટર સ્કેલ પર ૬.૫ જેટલી પ્રચંડ આંકવામાં આવી હતી. ધરતીકંપના કારણે મોડી રાત્રે પણ મોટા ભાગના લોકોને આનો અનુભવ થયો હતો. ૨૬મી ડિસેમ્બરના દિવસે મોડી રાત્રે ૧૨.૫૦ વાગ્યાની આસપાસ આજે આ આંચકો અનુભવાયો હતો. ધરતીકંપના આંચકા પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પણ લોકોને અનુભવાયા હતા. ધરતીકંપનુ કેન્દ્ર હિન્દુ કુશ પહાડીમાં જ હતું. અફઘાનિસ્તા-તાજિકિસ્તાનમાં મુખ્યનુ કેન્દ્ર રહ્યુ હતુ. પહાડી વિસ્તારોમાં સૌથી વધારે આંચકાનો અનુભવ થયો હતો. ૨૬મી ડિસેમ્બરના દિવસે દિલ્હી અને એનસીઆર સહિતના ઉત્તર ભારતના કેટલાક ભાગોને હચમચાવી મુકનાર ધરતીકંપના કારણે પાકિસ્તાનમાં ભારે નુકસાન થયુ હતું. રિકટર સ્કેલ પર ૬.૫ની તીવ્રતા ધરાવનાર ભૂકંપના કારણે પાકિસ્તાનના ઉત્તરપશ્ચિમી શહેર પેશાવરમાં સૌથી વધારે નુકસાન થયુ હતું.

### ૫૦૦ કરોડના ખર્ચે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેન્દ્ર સરકાર દ્વારા ગાંધીનગરને સ્માર્ટ સિટીના દરજ્જાને છાજે તેવી સવિધા ઉભી કરવા માટ જ રૂ ૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવશે. નગરમાં બાગબગીચાઓ રોડ નેટવર્ક, ભુર્ગભ ગટર યોજના, સુરક્ષાના અભિગમ સાથે સી સી ટીવી કેમેરા લગાવવા ઉપરાંત એલ ઈ ડી લાઈટના પ્રોજેકટનુ કામ પણ હાથ ધરવામાં આવશે. સ્માર્ટ સિટી પ્રોજેકટ અન્વયે શહેરને સાચા અર્થમાં સ્વચ્છ સુંદર અને રળિયામણુ બનાવાશે તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ. ગાંધીનગરનો સ્માર્ટ સિટીમાં સમાવેશ થતા શહેરમાં ધંધા રોજગાર વધવાની સાથે શહેરની વાઈબ્રન્સી પણ વધશે. ગાંધીનગર ગુજરાતનુ પ્રથમ વાઈફાઈ શહેર બનશે. શહેરમાં અકસ્માત અટકાવવા સ્પીડ બ્રેકરની જગ્યાએ અન્ય સુવિધા ઉભી કરાશે.ચંદીગઢને દેશના પ્રથમ નમુનારૂપ શહેર માનવામાં આવે છે.ત્યારે ગાંધીનગર માત્ર સરકારી નગરી તરીકે નહીં ઓળખાય વેપાર ઉદ્યોગ પણ ધમધમતા થશે.

### ગ્રામસભા અભિયાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સકારાત્મક, નકારાત્મક ઉકેલની વિગતો પણ અલગથી દર્શાવવાની રહેશે.

ગ્રામસભા અભિયાનમાં સામાન્યતઃ રજુ થતાં પ્રશ્નોના ઉકેલ માટે કોઈ જ નક્કર કાર્યવાહી થતી ન હોવાથી ગ્રામ્ય વિસ્તારમાં ઉભી થયેલી નારાજગી દૂર કરવા માટે સરકારે કવાયત જે હાથ ધરી છે તેના ભાગરૂપે જ આ અભિયાન યોજવામાં આવી રહ્યાનું રાજકીય વર્તુળો માની રહ્યા છે.

આ વર્ષે પંચાયતી રાજના મહત્વના એકમ ગણાતા ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ પણ આવી રહી છે જે ઉલ્લેખનીય છે.

### મૂલ્યાંકન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાળામાં જશે તે અંગેનો નિર્ણય અધિકારીએ કરવાનો રહેશે.

તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાંથી કુલ ૩૨ અધિકારીઓ તેમજ એક પદાધિકારી અને ૩૯ જિલ્લાકક્ષાના અધિકારીઓ આ મૂલ્યાંકન કામમાં જોડાશે. ગુજરાત પ્રવાસન નિગમના અધ્યક્ષ શ્રી કમલેશ પટેલ જિલ્લાના ગુણોત્સવમાં જોડાવાના છે.

સરકાર દ્વારા જે ૩૨ અધિકારીઓ ફાળવવામાં આવ્યા છે તેમાં ૯ સનદી અધિકારીઓ, બે આઈ.પી.એસ. અધિકારીઓ, આઈ.એફ.એસ. કેડરના ૧ અધિક સચિવ કક્ષાના-૨, સંયુક્ત સચિવકક્ષાના ૩, નાયબ સચિવ કક્ષાના એક અને ઉપસચિવકક્ષાના ૧૪ અધિકારીઓનો સમાવેશ થાય છે.

વાંચન-લેખન-ગણનના મૂલ્યાંકન અંગે સરકારમાંથી જ બાળકના નામ સાથેની કીટ દરેક સ્કૂલને મોકલી આપવામાં આવી છે. જે કીટ અધિકારી, લાયઝન અધિકારી અને શાળાના આચાર્યની હાજરીમાં જ ખોલવામાં આવશે.

જિલ્લાના ગુણોત્સવ માટે અધિક મુખ્ય સચિવ શ્રી અરવિંદ અગ્રવાલ ઉપરાંત રાજયના પોલીસવડા શ્રી પી.સી. ઠાકુર, રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી અનીતા કરવાલ, રાજીવકુમાર ગુપ્તા, બી.બી. સ્વૈન, અનીશ માંકડ, પૂનમચંદ પરમાર, જે.ટી. અખાણી તેમજ એસ.એચ. કોલી, આઈ.એફ.એસ. કેડરના શ્રી દિનેશ મિશ્રા સહિતના અધિકારીઓ જોડાશે.

આ ગુણોત્સવ દરમ્યાન મૂલ્યાંકનકારે એ ટુ ઝેડ ફોર્મ પણ ભરવાનું રહેશે. જેમાં ગુણોત્સવ-૫ના પરિણામ, શાળામાં અપાતા શિક્ષણના સ્તર, મધ્યાહન ભોજન યોજના, ગામમાં કુપોષિત બાળકોની સંખ્યા, ગામમાં સ્વચ્છતા અભિયાનના અણલીકરણની વાતો, આરોગ્ય કેન્દ્રમાં મળતી સેવાઓ તેમજ તબીબી અધિકારી ગામમાં રહે છે કે કેમ ? કપરા વિકાસ પદ્ધતિ સહિતની બાબતો અંગેનો અહેવાલ તૈયાર કરીને આપવાનો છે.

જિલ્લાની શાળાઓ દ્વારા સ્વમૂલ્યાંકન કરી અને તેનો અહેવાલ પણ અલગથી આપવાનો રહેશે. સ્વમૂલ્યાંકનના ૭૦ ટકા અને ૩૦ ટકા બાહ્ય મૂલ્યાંકનના નિર્ધારિત કરવામાં આવ્યા છે.

### પ્રતિક્ષાયાદી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાતમુહુર્ત વિધિ પ્રસંગે જણાંવ્યુ હતુ કે શહેરમાં કર્મચારીઓ માટે સાત મજલાના પ્રથમ હાઈરાઈઝ બિલ્ડીંગ તૈયાર કરવામાં આવશે. આ બહુમાળી ભવનનુ કામ મજબુતાઈની સાથે અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. કર્મચારીઓને અપ ડાઉન કરવામાંથી મુક્તિ મળશે. પેટ્રોલ ડિઝલની સાથે સમયની પણ બચત થશે. સે-૭ માં સી ટાઈપના મકાનો ૧૫ માસમાં તૈયાર કરી દેવાશે. અક કવાર્ટરનો કાર્પેટ એરિયા ૬૬.૫૦ ચો.મી રહેશે. જેમાં ડ્રોઈંગ રૂમ, બે બેડરૂમ, તેમજ આધુનિક ફર્નિચર પણ બનાવાશે. આ યોજના અન્વયે ફાયર ફાઈટીંગ સિસ્ટમ તેમજ પાર્કીંગની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાશે.ખાતમુહુર્ત વિધિ દરમિયાન મેયર હંસાબેન મોદી, ગુડાના ચેરમેન આશિષ દવે, ધારાસભ્ય શંભુજી ઠાકોર, અશોક પટેલ જિલ્લા કલેકટર રવિશંકર, તેમજ વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

### લોકાર્પણ...

● ત્રીજા પાનાનું ચાલુ

તથા બળિયાદેવ યુવક મંડળ દ્વારા ચંચળ માતાજી મંદિરમાં દસ લાખ મંદિરમાં દાનપેટે આપનાર શંભુજી દોલાજી ઠાકોરને તથા સ્થાનિક ઉત્સાહિ અને વિકાસના કામોમાં અગ્રેસર એવા કોર્પોરેટર હસમુખભાઈ મકવાણાને સ્મૃતિચિન્હ ભેટ આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. તેમજ સ્થાનિક કોર્પોરેટરે ગ્રામજનો સમક્ષ પોતાના થયેલા વિકાસ કામોની પણ વાત કરી હતી અને બાકી રહેલા તમામ ગામોના વિકાસ કામો વેગ આપવાનું ગામોના અને શહેરોના થાય તેવી હૈયાધારણ પણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, પૂર્વ નેતા ચિમનભાઈ વિંઝુડા, કોર્પોરેટર અશોકભાઈ તથા હર્ષજીત પંડ્યા, અંકિત બારોટ અને દુર્ગેશ ગઢવી હાજર રહ્યા હતા.

આ આયોજનમાં સંપૂર્ણ તમામ જ્ઞાતિના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા તેમજ ચંચળ માતાજી તથા બળિયાદેવ યુવક મંડળના તમામ સભ્યો હાજર રહ્યા હતા.

સ્ટેજનું સંચાલન ચંચળ માતાજી નાટક યુવક મંડળના સભ્યોએ કર્યુ હતું. જ્યારે સ્વાગત પ્રવચન પંકજજી ગાંડાજી ઠાકોરે કર્યું હતું તથા આભાર વ્યક્ત મનુજી ડાયાજી ઠાકોરે કર્યો હતો.

### ક્ષણના ચણીબોર

(૪ પાનાનું ચાલુ...)

જોડાણખત પર સહી કરવાનો તેમને અધિકાર પણ ન હતો! પાજોદ દરબારની આ પહેલ ભારત સરકારને તે કાળની વ્યૂહરચનામાં સમયસરના તથા ઉપયોગી પુરવાર થયા હતા. શાયરી અને સંવેદનશીલતા જેમને વારસામાં મળ્યા હતા તેવા આ પાજોદના છેલ્લા રાજવી પ્રજા કલ્યાણના રંગે રંગાયેલા હતા. ૧૯૩૫માં પાજોદની ગાદી સંભાળીને તેમણે આ પ્રજાલક્ષી વલણની સૌને ખાતરી કરાવી આપી હતી.

વતન તથા વતનના માનવીઓ સાથે અસાધારણ ઘરોબો ધરાવતા આ શાયરે જાહેરમાં કહેલું કે મુત્યુ બાદ તેમની દફનવિધિ પાજોદના જ કબ્રસ્તાનમાં કરવામાં આવે. દિલ્હીના છેલ્લા મોગલ શહેનશાહ બહાદુરશાહ 'ઝફર' ની મહેચ્છાનો પડઘો પાજોદ દરબાર રૂસ્વા સાહેબની આ ઝંખનામાં જોવા મળે છે. 'રૂસ્વા મઝલુમી' તેમના સાહિત્ય સર્જનથી સદાકાળ જીવંત અને ધબકતા રહેવાના છે.

મજા કે આવી ગઇ છે
આ સાદાઈમાં 'રૂસ્વા'!
કદી આડંબરોની પાસમાં
જાવું નથી ગમતું.

આપણી ભાષાના સમર્થ શાયર ઘાયલ સાહેબે રૂસ્વા મઝલૂમી માટે લખેલા શબ્દો ચિરંજીવી બને તેવા છે.

આન ને બાન એટલે રુસ્વા
ઠાઠ અને શાન એટલે રુસ્વા
નથી પાસે જમીન કે જાગીર
છતાં સુલતાન એટલે રુસ્વા
મીર ગાલિબનો દાગ મોમિનનો
એક દીવાન એટલે રુસ્વા.

### વિચારયાત્રા

(૪ પાનાનું ચાલુ...)

દાવ... સંબંધોની ઉષ્માની તેમને જરુર જ નથી... આ જ કડવી વાસ્તવિકતા ખૂબીપૂર્વક આલેખીને સંબંધોની લગ્નની આવશ્યકતા પણ સરળતાથી દર્શાવવા બદલ મણિરત્નમ્‌ને ખૂબ ખૂબ ધન્યવાદ.

અને હા! આ જ ફિલ્મના બધા રાઈટ્સ્ કરણ જાહરે ખરીદી લીધા છે... શાદ અલી આ ફિલ્મની રીમેક ૨૦૧૬ માર્ચમાં શરુ કરી રહ્યા છે. ગુલઝાર શબ્દોનો રસથાળ અને એ.આર. રહેમાન મ્યુઝીક આપશે.... તો આ અફલાતુન મુવી બોલીવુડ દ્વારા પણ બનાવવામાં આવી જ રહ્યું છે... Just wait & watch.

- jayuoza@gmail.com

**જાહેરાત ૦૧-૨૦૧૬**

ધોલેરા સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલવ ડેવલપમેન્ટ ઓથોરીટી, બ્લોક નં. ૧૧/૧૨, ૩જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગરની કચેરીમાં ઝેરોક્ષ કામગીરી (પ્લોટરમાં નકશા કાઢવાની કામગીરી સહિત) માટે એજન્સી નક્કી કરવાની હોઈ ગાંધીનગરની સ્થાનિક ઝેરોક્ષ એજન્સીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક વચ્ચે તા. ૧૫/૧/૨૦૧૬ સુધીમાં ઉપરોક્ત સરનામેથી 'ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી'ના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂમાં મેળવી શકાશે. કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે. ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે. ટેન્ડર ફોર્મ ઉપરોક્ત અધિકારીને સીલબંધ કવરમાં રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા તા. ૨૨/૧/૨૦૧૬ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

તા. ૨/૧/૨૦૧૬
સ્થળ : ગાંધીનગર
માહિતી/૨૨૩૨/૨૦૧૬-૧૭

મુખ્ય કારોબારી અધિકારી
ડીએસઆઈઆરડીએ

**જાહેર નિવિદા નં. ૧ સને ૨૦૧૬-૧૭**

અ.ઈ.શ્રી ગા.પં.સિ. વ. ગાંધીનગર કચેરી માટે વાર્ષિકત ધોરણે કોમ્પ્યુટર ટાઈપ કામ / ઝેરોક્ષ કામની સેવા માટેના ભાવો રસ ધરાવતા ઈસમો પાસેથી સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી મંગાવવામાં આવે છે. કામની વિગતો નીચે મુજબ છે. વધુ વિગતો માટે કચેરીના કામકાજના દિવસો દરમિયાન રૂબરૂ સંપર્ક સાધી મેળવી શકશે.

| ક્રમ નંબર | કામનું નામ | વિગત |
|---|---|---|
| ૧. | ગુજરાતી /અંગ્રેજી કોમ્પ્યુટર ટાઈપ કામ કરી આપવા બાબત | ૧. અંદાજીત રકમ રૂ. ૫૦,૦૦૦/- |
| | | ૨. બાનાની રકમ રૂ. ૫૦૦/- |
| | | ૩. ટેન્ડર ફી રૂ. ૫૦/- |
| ૨. | ઝેરોક્ષ કામની સેવા પુરી પાડવા બાબત. | ૧. અંદાજીત રકમ રૂ. ૫૦,૦૦૦/- |
| | | ૨. બાનાની રકમ રૂ. ૫૦૦/- |
| | | ૩. ટેન્ડર ફી રૂ. ૫૦/- |

કોરા ભાવપત્રક ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ : ૧૧/૧/૨૦૧૬
ભરેલ ભાવ પત્રક રજુ કરવાની છેલ્લી તારીખ : ૧૫/૧/૨૦૧૬
નિયત સમયમાં મળેલ ટેન્ડર ખોલવાની તારીખ : ૧૬/૧/૨૦૧૬

સહી/-
અધિક્ષક ઈજનેર
ગાંધીનગર પંચાયત સિંચાઈ વર્તુળ, ગાંધીનગર

માહિતી/૨૨૩૪/૨૦૧૬-૧૭